# <u>હે મહારાજ ! બિરાજો...</u>

હે મહારાજ ! બિરાજો અમ મનમંદિરે આજ,
    કરવું છે તવ કાર્ય રૂડું સૌનાં કલ્યાણે કાજ.

તારી મૂરત દિલમાં પધરાવું, તારા મુક્તોનો મહિમા ગાઉં,
    અભાવ અવગુણ દેહભાવ તજી રહેવું તારે સાથ,
        કરવું છે તવ કાર્ય રૂડું સૌનાં કલ્યાણે કાજ.

સ્થાવર જંગમ મંદિર થાશે, મનમંદિરમાં જ્યોત પ્રકાશે,
    સ્વરૂપ સમજી મહિમા સમજી ભક્તિ કરવી આજ,
        કરવું છે તવ કાર્ય રૂડું સૌનાં કલ્યાણે કાજ.

પાને પાને સ્વામિનારાયણ ગુંજશે એ સંકલ્પે કરીને,
    શ્વાસે શ્વાસે સ્વામિનારાયણ રટતા રહીએ આજ,
        કરવું છે તવ કાર્ય રૂડું સૌનાં કલ્યાણે કાજ.

-----------------------------------------------------------